નકલી કોર્ટ આદેશોના આધારે 129 વેબસાઈટ્સ બ્લોક કરાઈ!

પીએમઓએ ટેલિકોમ સચિવને સમન્સ પાઠવી તાત્કાલિક ખુલાસો માંગ્યો



નવી દિલ્હી, તા. 14:વડા પ્રધાન કાર્યાલય (પીએમઓ)એ શનિવારે ટેલિકોમ્યુનિકેશન્સ સચિવ અમિત અગ્રવાલને સમન્સ પાઠવીને એક મોટી ચકાસણી ચૂક અંગે તાત્કાલિક ખુલાસો માંગ્યો છે, જેમાં અધિકારીઓએ હાઈકોર્ટના નકલી આદેશોના આધારે 129 સટ્ટાબાજીની વેબસાઈટ્સને બ્લોક કરવાનો આદેશ આપ્યો હતો. આ ઘટના સામે આવ્યા બાદ વકીલોનો સ્વાંગ રચનારા કેટલાક શખ્સો દ્વારા ટેલિકોમ્યુનિકેશન વિભાગ (ડીઓટી)ને નકલી ન્યાયિક દસ્તાવેજો ઈમેલ કરવામાં આવ્યા હતા. આ ટોચના અમલદારને અન્ય રાજ્યનો તેમનો સત્તાવાર પ્રવાસ ટૂંકાવીને પીએમઓના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ હાજર થવું પડ્યું હતું.

જોકે, ભારતમાં ઓનલાઈન સટ્ટાબાજી પર પ્રતિબંધ યથાવત છે, તેમ છતાં આ ઘટનાએ ડિજિટલ કન્ટેન્ટ હટાવવાના માળખામાં રહેલી નબળાઈઓ અંગે સરકારના સર્વોચ્ચ સ્તરે ગંભીર ચિંતા જગાવી છે. અધિકારીઓને ચિંતા છે કે, નબળા ચકાસણી પ્રોટોકોલનો દુરુપયોગ કરીને નકલી ન્યાયિક કાગળો દ્વારા કાયદેસરની વેબસાઈટ્સ અથવા વ્યવસાયોને બંધ કરાવી શકાય છે.

આ વિવાદ બે કથિત ન્યાયિક આદેશોની આસપાસ કેન્દ્રિત છે- એક રાજસ્થાન હાઈકોર્ટનું નામ ધરાવતો અને બીજો અલ્હાબાદ હાઈકોર્ટનો હોવાનો દાવો કરતો આદેશ. બંને દસ્તાવેજોમાં નકલી કોર્ટ લોગો, બનાવટી સિક્કા અને નકલી ક્યુઆર કોડ હતા. આ ઈમેલ્સના આધારે કાર્યવાહી કરતાં ટેલિકોમ્યુનિકેશન મંત્રાલયના ફિલ્ડ ઓફિસરોએ દેશભરના ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓને 129 ઓનલાઈન પ્લેટફોર્મ્સની ઍક્સેસ પ્રતિબંધિત કરવાની સૂચના આપી હતી.

નાસાનું વોયેજર યાન પૃથ્વીથી એક પ્રકાશ દિનના અંતરે પહોંચવાની તૈયારીમાં

૪૯ વર્ષ પહેલા લોન્ચ કરાયેલું આ યાન અવકાશમાં ૨૬ અબજ કિલોમીટર દૂર પહોંચી ગયું છે!

આટલે દૂર પહોંચનાર પ્રથમ યાન

કેપ કેનાવેરલ, તા. 14 (AP):નાસાનું વોયેજર 1 આંતરતારાકીય અવકાશમાં વધુ ને વધુ ઊંડે આગળ વધી રહ્યું છે ત્યારે તે પૃથ્વીથી એક પ્રકાશ-દિવસના અંતર સુધી પહોંચનાર માનવજાતનો પ્રથમ પદાર્થ બનવાની તૈયારીમાં છે. 49 વર્ષ પહેલાં લોન્ચ કરાયેલા આ અવકાશયાન માટે આ 26 અબજ કિલોમીટરથી પણ વધુનું અકલ્પનીય અંતર છે. બુધવારે જ્યારે વોયેજર 1 આ નોંધપાત્ર સીમાચિહ્ન પર પહોંચશે ત્યારે તેના રેડિયો સિગ્નલોને પ્રકાશની ગતિએ મુસાફરી કરીને પૃથ્વી સુધી પહોંચવામાં બરાબર 24 કલાકનો સમય લાગશે - બીજા શબ્દોમાં કહીએ તો - એક પ્રકાશ દિવસ.

નાસાનું અનુમાન છે કે, આ અવકાશયાનને સંપૂર્ણ એક પ્રકાશ-વર્ષનું અંતર કાપવામાં હજી બીજા 18,000 વર્ષ લાગશે અને તે કોઈ અન્ય તારાની નજીક પહોંચવામાં તેનાથી પણ બમણો સમય લાગશે.

પ્રોજેક્ટ મેનેજર સુઝાન ડોડ વોયેજર 1ને તારાઓ વચ્ચે ઝડપથી આગળ વધી રહેલા પૃથ્વીના રાજદૂત તરીકે જુએ છે, જે પૃથ્વી પરના લોકોમાં વિસ્મયની ભાવના જગાડે છે. સુઝાને જણાવ્યું હતું કે, "તે એક રાષ્ટ્રીય ખજાનો છે. ખરેખર અસાધારણ."

ભારત માટે તેના હરીફ દેશોની તુલનામાં નીચા ટેરિફની અમેરિકાએ ખાતરી આપી

ખૂબ ટૂંક સમયમાં ભારત-અમેરિકા વેપાર કરાર થશે: વિદેશ મંત્રી

વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે વેપાર કરાર અંગેની વાટાઘાટો ફિનિશ લાઇનની નજીક પહોંચી રહી છે

આવતા મહિને અમેરિકામાં G20 સમિટની મોદીની મુલાકાત ટાણે આ વેપાર કરારની જાહેરાત થાય તેવી શક્યતા

નવી દિલ્હી, તા. ૧૪: પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) હેઠળ ભારતને તેના હરીફ અર્થતંત્રોની સરખામણીમાં તુલનાત્મક ટેરિફ (જકાત) લાભ મળશે તેવી ખાતરી અમેરિકાએ આપી છે, તેમ એક વરિષ્ઠ સરકારી અધિકારીએ શનિવારે સમાચાર એજન્સી ANI ને જણાવ્યું હતું. પ્રથમ તબક્કા અને વ્યાપક કરાર પર વાટાઘાટો હજુ ચાલી રહી છે તે દરમિયાન આ નિવેદન આવ્યું છે. જ્યારે કે વિદેશ મંત્રી જયશંકરે આજે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વેપાર કરાર કરવાની ખૂબ જ નજીક પહોંચી ગયા છે. અધિકારીએ જણાવ્યું હતું કે, 'અમેરિકાએ ભારતને આ વેપાર કરારમાં તેના હરીફોની સરખામણીમાં તુલનાત્મક ટેરિફ લાભ આપવાની ખાતરી આપી છે. ટેરિફનું માળખું કેવી રીતે આકાર લે છે તે આપણે જોવું રહ્યું.' જોકે, અધિકારીએ સાવચેત કરતા કહ્યું કે આ લાભ કેટલો મળશે તે અંતિમ ટેરિફ માળખા પર નિર્ભર રહેશે. આ ઉપરાંત, ભારત સામે યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) ના કાર્યાલય દ્વારા શરૂ કરવામાં આવેલી બીજી તપાસના પરિણામની પણ ભારત રાહ જોઈ રહ્યું છે. દરમ્યાન, વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકાએ સૂચિત વેપાર કરાર સંબંધિત મોટાભાગના મુદ્દાઓ ઉકેલી લીધા છે અને અંતિમ તબક્કાની ચિંતાઓ દૂર કરવા માટે વાટાઘાટો ચાલી રહી હોવાથી આ કરાર 'ટૂંક સમયમાં' અંતિમ સ્વરૂપ પામી શકે છે. તેમનું આ નિવેદન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની G20 સમિટ માટેની સંભવિત અમેરિકા મુલાકાતના એક મહિના પહેલા આવ્યું છે.

પેજ 3

અમિતાભના 'જલસા' બંગલા અંગે ફરીથી કૌટુંબિક વિખવાદ



મુંબઈ, તા. 14: બોલિવૂડ અભિનેતા અમિતાભ બચ્ચનના જુહુ સ્થિત બંગલા 'જલસા'ને લઈને એક પારિવારિક મિલકત વિવાદ સામે આવ્યો છે. તેમના ભાભી રમોલા બચ્ચને ૧૯૯૩ના તે ગિફ્ટ ડીડને પડકાર્યો હોવાના અહેવાલ છે, જેના હેઠળ આ મિલકતની માલિકી જયા બચ્ચનને ટ્રાન્સફર કરવામાં આવી હતી. રમોલા બચ્ચનનો દાવો છે કે, આ વ્યવહાર તેમની જાણ બહાર અને તેમની સંમતિ વિના થયો હતો. આ ફરિયાદ અંધેરી સ્થિત સહકારી મંડળીઓના ડેપ્યુટી રજિસ્ટ્રારની કચેરી સુધી પહોંચી છે, જ્યાં આ મામલે સુનાવણી શરૂ કરવામાં આવી છે. આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે 'જલસા' બંગલો અમિતાભ બચ્ચનના ચાહકો સાથેની નિયમિત મુલાકાતો-જેમાં તેમના લાંબા સમયથી ચાલતા 'સન્ડે દર્શન'નો પણ સમાવેશ થાય છે-તેનું મુખ્ય સ્થળ બની રહ્યો છે.

તનુશ્રી દત્તા વિવાદમાં નાના પાટેકરે 'કોઈ કારણ વગર' ઘણું સહન કર્યું: મહેશ માંજરેકર



મુંબઈ, તા. 14: અભિનેતા અને ફિલ્મ-નિર્માતા મહેશ માંજરેકરે જણાવ્યું છે કે, અભિનેત્રી તનુશ્રી દત્તાએ જાતીય સતામણીનો આરોપ મૂક્યા બાદ નાના પાટેકરે 'કોઈ કારણ વગર ઘણું સહન કર્યું હતું.' પોતાના મિત્ર સાથે જોડાયેલા આ વિવાદને ફરી યાદ કરતાં માંજરેકરે દાવો કર્યો હતો કે, જે સેટ પર આ કથિત ઘટના બની હોવાનું કહેવાય છે, ત્યાં હાજર રહેલા લોકોએ તેમને જણાવ્યું હતું કે, આવું કંઈ બન્યું નહોતું. દત્તાએ *૨૦૦૮માં ફિલ્મ* 'હોર્ન ઓકે પ્લીઝ'ના સેટ પર પાટેકર પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. આ આરોપો ૨૦૧૮માં ફરી ઉછળ્યા હતા અને ભારતના 'મી ટુ' આંદોલનનો એક મુખ્ય ભાગ બન્યા હતા. પાટેકરે સતત આ આરોપોને નકારી કાઢ્યા હતા.

રોમેન્ટિક સનસેટ ફોટા સાથે ગાયિકા ધ્વનિ ભાનુશાળીએ કરી સગાઈની જાહેરાત



મુંબઈ, તા. 14: ગાયિકા ધ્વનિ ભાનુશાળીએ યશ ભાનુશાળી સાથે સગાઈની જાહેરાત કરી છે. તેણીએ ઇન્સ્ટાગ્રામ પર આ ઉજવણીની ચાર તસવીરો શેર કરી છે, જેમાં આ કપલ અને તેની સગાઈની વીંટીની ઝલક ચાહકોને જોવા મળી છે. ૨૦૧૮માં પોતાની સંગીત સફર શરૂ કરનાર ધ્વનિ માટે આ જાહેરાત એક અંગત સીમાચિહ્નરૂપ છે. *તેણી 'વાસ્તે', 'લેજા રે'* અને *'દિલબર' તેમજ* 'લુકા છુપી' 'નયન' જેવાં ગીતો માટે જાણીતી છે. તસવીરો શેર કરતાં ધ્વનિએ લખ્યું, "જીવનભર માટે મને મારો કપકેક મળી ગયો. મેં હા પાડી દીધી." આ તસવીરોમાં કપલ તેમની સગાઈની ઉજવણી કરતું અને પ્રેમાળ પળો વિતાવતું જોવા મળે છે.

યુવાનોમાં ડાયાબિટીસનું નિદાન વધી રહ્યું છે: અભ્યાસ

જીવન શૈલીમાં આવેલા ફેરફારો મહત્વનું કારણ

મુંબઈ, તા. 14 (પીટીઆઈ) યુવાનોમાં ડાયાબિટીસ એક ગંભીર સ્વાસ્થ્ય ચિંતા તરીકે ઊભરી રહ્યો છે અને કોઈ પણ સ્પષ્ટ લક્ષણો દેખાય તે પહેલાં જ આ બીમારીનું નિદાન થઈ રહ્યું હોય તેવા લોકોની સંખ્યા સતત વધી રહી છે. એમ શનિવારે એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું.

નિયમિત હેલ્થ ચેક-અપના મહત્ત્વ પર ભાર મૂકતાં અભ્યાસમાં જણાવાયું છે કે, વહેલા નિદાનની સાથે જીવનશૈલીમાં ફેરફાર કરવા પણ એટલા જ જરૂરી છે, જેમાં કામના લાંબા કલાકો, શારીરિક નિષ્ક્રિયતા, તણાવ અને ખાવાની ખરાબ આદતો પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

મુંબઈ સ્થિત ઝાંડ્રા હેલ્થકેર દ્વારા કરવામાં આવેલા આ અભ્યાસમાં માર્ચ 2015થી માર્ચ 2020 (મહામારી પહેલાં) અને એપ્રિલ 2020થી એપ્રિલ 2025 (મહામારી પછી)ના દર્દીઓના ડેટાની સરખામણી કરવામાં આવી હતી.

આ વિશ્લેષણમાં કોવિડ પહેલાના સમયગાળા દરમિયાન 7,274 દર્દીઓ અને 45,083 મુલાકાતોને આવરી લેવામાં આવી હતી અને તેની સરખામણી મહામારી પછીના સમયગાળાના આંકડાઓ સાથે કરવામાં આવી હતી, જેમાં 8,712 દર્દીઓ અને 53,927 મુલાકાતો નોંધાઈ હતી. કંપનીના ડાયાબિટીસ અને સ્થૂળતાના નિષ્ણાત ડો. રાજીવ કોવિલે જણાવ્યું હતું કે, "યુવાનોમાં ડાયાબિટીસનું વધતું નિદાન એ ચિંતાનો વિષય છે, ખાસ કરીને એટલા માટે કારણ કે તેમાંના ઘણાને શરૂઆતના તબક્કામાં કોઈ લક્ષણો અનુભવાતા નથી. જોકે, એ જોવું પ્રોત્સાહક છે કે વધુ લોકો હવે પ્રિવેન્ટિવ હેલ્થ ચેક-અપ પસંદ કરી રહ્યા છે અને સક્રિયપણે તપાસ કરાવી રહ્યા છે."

કલાકોના આઉટેજ બાદ માઈક્રોસોફ્ટની સેવાઓ સંપૂર્ણપણે પૂર્વવત

મૂળ સમસ્યા ઉકેલાઇ ગઇ હોવાની કંપનીની જાહેરાત

શિકાગો, તા. ૧૪ (એપી):માઈક્રોસોફ્ટે શનિવારે જણાવ્યું હતું કે, કલાકો સુધી ચાલેલા મોટા પાયે આઉટેજ બાદ તેની સેવાઓ સંપૂર્ણપણે પૂર્વવત કરી દેવામાં આવી છે. "આ ઘટના પાછળના મૂળ કારણને ઉકેલવાના અમારા પ્રયાસો પૂર્ણ થઈ ગયા છે અને બાકી રહેલા અસરગ્રસ્ત ગ્રાહકો તેમજ પ્રદેશોમાં સેવા પુનઃસ્થાપિત કરી દેવામાં આવી છે."વપરાશકર્તાઓએ ફરિયાદ કરી હતી કે, આઉટલુક, ટીમ્સ અને એઆઈ આસિસ્ટન્ટ કોપાયલટ સહિતની માઈક્રોસોફ્ટ 365 સેવાઓ ખોરવાઈ ગઈ હતી. ઓનલાઈન ટ્રેકર 'ડાઉનડિટેક્ટર'ના જણાવ્યા અનુસાર, તેને ૭૦થી વધુ દેશો અને પ્રદેશોના વપરાશકર્તાઓ તરફથી સેવા ખોરવાઈ હોવાના અહેવાલો મળ્યા હતા. આ આઉટેજની અસર ઘણા સ્થળોએ સરકારો, અદાલતો, આરોગ્ય સેવાઓ, વ્યવસાયો, એરલાઈન્સ અને બેંકો પર પડી હતી. જાપાન, સિંગાપોર અને ઓસ્ટ્રેલિયા સહિતની સરકારોએ જણાવ્યું હતું કે, કલાકો સુધી ચાલેલી આ ઘટનાને કારણે તેમની કેટલીક કામગીરી પ્રભાવિત થઈ હતી. માઈક્રોસોફ્ટે તેની વેબસાઈટ પર જણાવ્યું હતું કે, ૪૩ કરોડ (૪૩૦ મિલિયન)થી વધુ લોકો માઈક્રોસોફ્ટ 365 એપ્સનો ઉપયોગ કરે છે. અમેરિકામાં ગુરુવારે બપોરના સમયે આ સમસ્યાઓ દેખાવાની શરૂઆત થઈ હતી.

ઓપરેશન સિંદુર પછી પ્રથમ વખત પાકિસ્તાનના મંત્રી ભારત આવશે

દિલ્હીમાં યોજાનાર SCOના સાંસ્કૃતિક સંવાદમાં પાકિસ્તાનના પ્રતિનિધિ હાજર રહેશે

આ સંવાદ કાર્યક્રમમાં હાજર રહેવા માટે પાકિસ્તાને તેના હવામાન પરિવર્તન મંત્રી મુસદ્દીક મલીકના નામની જાહેરાત કરી

ભારત સાથે પાકિસ્તાન તનાવ હળવો કરવા માગતું હોવાનો સંકેત

ઈસ્લામાબાદ, તા. ૧૪(પીટીઆઈ): પાકિસ્તાને શનિવારે જાહેરાત કરી હતી કે તેમના આબોહવા પરિવર્તન મંત્રી મુસદ્દીક મલિક આ મહિનાના અંતમાં ભારતમાં યોજાનારા શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન(SCO) ના સિવિલાઈઝેશનલ ડાયલોગમાં ભાગ લેશે.SCO દેશોની આ મહત્વપૂર્ણ બેઠક ૨૦ થી ૨૨ નવેમ્બર દરમિયાન નવી દિલ્હીમાં યોજાશે. યજમાન ભારતે ૨૮ ઓક્ટોબરે જાહેરાત કરી હતી કે પ્રસ્થાપિત પ્રણાલી મુજબ SCO ના તમામ સભ્ય દેશોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પાકિસ્તાનના વિદેશ કાર્યાલયના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમ સંસ્કૃતિગત સંવાદ અને સાંસ્કૃતિક સમજણ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે SCO સભ્ય દેશોના પ્રતિનિધિઓને એક મંચ પર લાવશે.નિવેદનમાં જણાવાયું છે કે, "પાકિસ્તાન સરકાર પરસ્પર આદરની ભાવના સાથે SCO માળખા હેઠળ સંસ્કૃતિઓ વચ્ચે સંવાદને પ્રોત્સાહન આપવા અને લોકો-થી-લોકોના સંપર્કોને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે."મુસદ્દીક મલિક પાકિસ્તાનના એક મહત્વપૂર્ણ મંત્રી છે જે સરકારનો સત્તાવાર પક્ષ રજૂ કરવા માટે અવારનવાર ટોક શોમાં જોવા મળે છે. ભારત દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં તેમની ભાગીદારી દર્શાવે છે કે પાકિસ્તાન ભારત સાથેના તણાવને હળવો કરવા માંગે છે, જેથી આવતા વર્ષે ઈસ્લામાબાદમાં યોજાનારી SCO સમિટમાં ભારતીય નેતૃત્વની ભાગીદારી માટેનો માર્ગ મોકળો થઈ શકે. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ થયેલા પહેલગામ આતંકી હુમલા (જેમાં ૨૬ લોકોના મોત થયા હતા) અને ત્યારબાદ ૭ મે ના રોજ ભારત દ્વારા પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકી માળખાને નિશાન બનાવીને શરૂ કરાયેલા 'ઓપરેશન સિંદૂર' બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવ વધ્યો હતો.















